# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮ અંક : ૨૧૩

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

મંડળના સૌ પરિવાર જનોએ મહાશિવરાત્રીના પર્વની ઉજવણી કરી હશે. ઉનાળાની ગરમીની શરૂઆતમાં સ્કુલો તથા કોલેજોમાં પરીક્ષાની તૈયારી ચાલુ હશે. આંધ્ર પ્રદેશમાં વિકટ પરિસ્થિથી, પાણી તથા લાઈટ ની તકલીફ હોઈ ધાર્યા પ્રમાણે કાર્યો થતા નથી. રાજકીય વાતાવરણ પણ ચિન્તાજનક દેખાય છે. જીવનમાં પરિવર્તન સાથે નાના મોટા સહુ માટે ચંદન કપાળને ઠંડુ કરશે જ્યારે વંદન હૃદયને ઠંડુ કરશે. જો સુધરે વિચાર, વાણી ને વર્તન, તો જીવનમાં આવે પરિવર્તન. હોળીના દિવસો આવ્યા નજીક સહુ સંગે રંગે રમો હોળી.

કચ્છમાં બિદડા હોસ્પિટલ ખાતે શ્રી રતનવીર કુદરતી ઉપચાર કેન્દ્ર શુરૂ થતાં આપમાંથી ઘણાએ એનો લાભ લીધેલ હશે. સર્વોદય ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણનું કાર્ય પણ વેગ પૂર્વક ચાલે છે. ગાયોને તડકામાંથી બચાવવા વૃક્ષવાટિકાઓ બનાવવાનો પ્રોગ્રામ પણ સંસ્થા દ્વાર ચાલુ છે.

## ❖ આગામી કાર્યક્રમોની ડાયરી ❖

**માવજત સમિતિ :**

નાના બાળકો અને સ્ત્રીઓ માટે નિઃશુલ્ક શિબિર
રવિવાર તા. ૩૧-૩-૨૦૧૩ સવારના ૮.૩૦ વાગે થી બપોરના ૧.૦૦
સ્થળ : કચ્છી ભવન, રામકોટ

## જયણા સૂત્રો

❖ ફટાકડા ક્યારેય ફોડવા નહિં.
❖ ઘાસ ઉપર ચાલવું નહિ-ફરવું નહિ.
❖ કાચા દૂધ-દહી-છાશ કે તેની વાનગી સાથે કઠોળનો અંશ પણ આવતો હોય તેવી વાનગી ખાવી નહિં. દહીં દૂધ-છાશને ધીમા તાપે પૂરતા પ્રમાણમાં ઉકાળ્યા બાદ જ કઠોળ સાથે વાપરી શકાય.
❖ રસોઈ બનાવતા પહેલાં લોટ-ધાન્ય ચાળી લો, બરાબર જોઇ લો. પર્વતિથિ અને ૬ અઠ્ઠાઇઓમાં અનાજ દળાવવું નહિ.
❖ ખાલી વાસણો ઊંધા કે આડા મૂકી રાખો, જેથી જીવાત તેમાં પડીને ગુંગળાઇ ન જાય.

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

// શ્રી વાસુપૂજ્ય સ્વામિ નમો નમઃ //

નિમંત્રણ

નિમંત્રણ

## શ્રી અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે

# શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલય

## ૨૦ મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ

# શ્રી સંઘ ને ભાવભર્યું આમંત્રણ

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.** ની દિવ્ય કૃપાથી તેમજ વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.** ના શુભાશિષથી શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયની ૨૦મી ધ્વજારોહણનું આયોજન શનિવાર તા. ૧૬-૩-૨૦૧૩ ના યોજવામાં આવેલ છે. આ મંગળ અવસરે **ચૈતન્યરત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ**, મુંબઈથી મંડળી સાથે પધારશે.

નોંધ : પૂજન દરમ્યાન પક્ષાલ, પૂજા, કેસર પૂજા, પુષ્પ પૂજા, અખંડ દીપક વગેરેના વાર્ષિક ચડાવા લેવામાં આવશે.

**શનિવાર તા. ૧૬-૩-૨૦૧૩ સવારના ૯.૩૦ કલાકે સત્તરભેદી પૂજા તથા ધ્વજારોહણ**

**મુળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની ધ્વજા**

માતુશ્રી ઝવેરબેન રામજી નંદુ, મુંબઈ તથા માતુશ્રી ચંપાબેન નરસી વેલજી મોમાયા પરિવાર, હૈદરાબાદ

| | | |
|---|---|---|
| શ્રી મુનિસુવ્રત ભગવાનની ધ્વજા | માતુશ્રી વેજબાઈ ખીમજી વિક્રમશી | સોલાપુર |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથભગવાનની ધ્વજા | શ્રી વિસનજી ટોકરશી નાગડા | મુંબઈ |
| શ્રી રંગમંડપ ઘુમટની ધ્વજા | શ્રી શિવજી વાલજી ગાલા | મુંબઈ |
| શ્રી ઉત્તર બાજુની ચોકીયારાની ધ્વજા | શ્રી હંસકુમાર રાયચંદ આસારીયા સાયલા | હૈદરાબાદ |
| શ્રી દક્ષિણ બાજુની ચોકીયારાની ધ્વજા | શ્રી ભાણજીભાઈ રાણા દેઢિયા | મુંબઈ |
| શ્રી પૂર્વ બાજુની ચોકીયારાની ધ્વજા | માતુશ્રી આસબાઈ ભાણજી મુરજી ગડા | હૈદરાબાદ |
| શ્રી ગૌતમ સ્વામિની ધ્વજા | શ્રીમતી ઉષાબેન તલકશી નાનજી ગાલા | હૈદરાબાદ |
| શ્રી પદ્માવતી માતાની ધ્વજા | સ્વ. મંગળાબેન ઝવેરચંદ કારાણી | હૈદરાબાદ |
| શ્રી મહાકાલી માતાની ધ્વજા | શ્રીમતી પુષ્પાબેન કેશવલાલ ધનજી સંઘવી | હૈદરાબાદ |

બપોરના ૧૨.૦૦ થી ૨.૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય રાત્રે નયનરમ્ય આંગી રચવામાં આવશે.

આ મહોત્સવના સંપૂર્ણ લાભાર્થી **માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર** (સાભરાઇ)

**Shree Shanti Selection**

છે. કાર્યક્રમમાં સકળ સંઘને પધારી લાભ લેવા વિનંતી.

નિમંત્રક : **શ્રી અચલગચ્છ જૈન સંઘ**, નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ

ફોન : ૨૪૦૪ ૭૭૭૪, ૨૪૦૪ ૭૮૬૨, ૨૪૦૪ ૮૧૪૩, ૬૪૫૮ ૦૦૫૫



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

ફેબ્રુઆરી માસની ગુલાબી ઠંડીએ રજા લીધી અને માર્ચ મહિનો આવતાની સાથેજ ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. આતો થઈ કુદરતની વાત, પરંતુ વીજળી કાપ માટે પણ જનતાએ તૈયાર રહેવાનુંજ છે.

પરીક્ષાનો સમય નજદીક આવતાં વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં વ્યસ્ત થઈ ગયા હશે. દરેકની મહેનત સફળ થાય, એવી ભાવના. જાન્યુઆરી માસમાં ખૂબજ સરસ કાર્યક્રમો થયા, તેમજ ફેબ્રુઆરી મહિનામાં પણ બે કાર્યક્રમો ખૂબજ સફળ રહ્યા.

શાંતિ પ્રાયમરી શાળાનાં વાર્ષિક દિને વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમ ઉજવ્યો. નાના નાના ભૂલકાઓએ સમુહમાં વિવિધ વેશ-ભૂષામાં સજ્જ થઈ સુંદર કલાકારી પ્રસ્તુત કરી અને દરેકને મુગ્ધ કરી દીધા. શાળાની શિક્ષિકાઓ તથા સંચાલકશ્રી વિપુલભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

તા. ૨૪-૨-૨૦૧૩ નાં રવિવારની સાંજે શાંતિવન સમિતિ દ્વારા ફિજીયોથેરપીનાં વિષય ઉપર જાણકારી તથા પ્રવચન પ્રસ્તુત થયા. આપણાં સભ્ય શ્રી હિતેનભાઈ સંગોઈની સુપુત્રી કુ. શ્રુતિબહેન અને એમની ટીમે વિસ્તૃતમાં સમજણ આપી. મંડળ તથા સમાજ માટે આ ખૂબજ ગૌરવની વાત છે. સંચાલક શ્રી હંસકુમાર ભાઈને ખૂબ ખૂબ અભિનંદન ! સભ્યોની હાજરી પણ ખૂબજ સારા પ્રમાણમાં હતી. કુ. શ્રુતિબહેનની જેમ આપણાં સમાજનાં અન્ય યુવક-યુવતીઓએ પણ વિવિધ વિષયોમાં નિપુણતા પ્રાપ્ત કરી હશે, જેની માહિતિ નિયાપો દ્વારા આપણાં સભ્યોને મળે એ આવકાર્ય છે, અને પરસ્પર સહાય લઈ શકાય.

વિવિધ પ્રસંગોએ મંડળને નીચે મુજબનાં દાનો પ્રાપ્ત થયા છે. સર્વ દાતાઓનો ખૂબ-ખૂબ આભાર.

લગ્ન પ્રસંગે ભેટ : ૧) ચિ. મોરલીધર જગદીશ વીરજી ચૌહાણ રૂ. ૫૦૦/- ૨) ચિ. હિતેન્દ્ર હરીશ મોનજી ટાંક રૂ. ૫૦૦/-

**COMPUTERISED HOROSCOPE, MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.**
**DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS**
**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY**
Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**
**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**
**PH: 66780780, 98499 88999 chandraprabhagraphics@gmail.com**
(જા.ખ.)

## પ્લોટ્સ લેવા – વેંચવા અંગે

**દિવસે દિવસે જમીનના ભાવ વધતા જાય છે. અને જમીન, દૂર દૂર પ્લોટ્સ મળવાના મુશ્કેલ છે. ત્યારે વિજયવાડા રોડની આજુ બાજુ બાટા સિંગારમ, કોદેડા, પેદા અંબરપેટ, હયાતનગર, સાંઘી, રામોજી, તુરકમંજયાલ વગેરે જગ્યાએ જેના પ્લોટ વેંચવા હોય કે ખરીદવા હોયતો સંપર્ક કરો.**

**શ્રી ગુરૂનારાયણ – ૯૩ ૪૮ ૫૮ ૬૮ ૫૫**
(જા.ખ.)

khakra.com

More than **30** varieties of authentic home made

**Khakras Thepla**

& other Snacks available

GEETA MAHILA GRUH UDYOG

Khakra.com

SINCE 1991

Most awaited seasons best

**Garlic Mango Pickle**

Booking Starts

101, R.K.Complex, 3-4-215, Above Bank of India, Kachiguda, Hyderabad - 500027.
Ph: 040-24562545, 66362545 | sales@khakra.com

(જા.ખ.)

---

**DEEPAK MAHARAJ** **Ph : 92902 70722**
**90006 19755**

# SHIV SHAKTI TRAVELS

**RENT A CAR INDICA, QUALIS, TAVERA, INOVA FOR**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

**Off & Res : 11-4-322/13, Prasad Enclave,**
**Flat No. 302, Chilkalguda, Secunderabad.**

(જા.ખ.)

---



Logon

(જા.ખ.)

**ADVERTISING - DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS -**

**COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.**

## ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY

**CONTACT: PARAS RAMESH JAGIRDAR 66680780, 99499 81999**

---

**દિપક મહારાજ** શ્રી ગણેશાય નમઃ **Ph : 92902 70722**
**90006 19755**

(કચ્છી સારસ્વત બ્રાહ્મણ)

## જય આશાપુરા માતા જ્યોતિષ કાર્યાલય

(જા.ખ.)

શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, ચંડી યજ્ઞ, નારાયણ બલિ (પિતૃદોષ), નાગદોષ, વાસ્તુ હવન, જૈન લગ્ન વિધી, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, તથા દરેક પ્રકારની કર્મકાન્ડ સંતોષકારક કરી આપવામાં આવશે, ગ્રહો ના જાપ, ગ્રહો ના નંગ, સિદ્ધ કરેલા યંત્રો પણ મળશે. જ્યોતિષ ને લાગતો દરેક પ્રકારનું કાર્ય જેમકે મેળાપક, જન્માક્ષર, કુંડલી બનાવા મળો



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

હમણા થોડા દિવસ પહેલાજ હૈદરાબાદ શહેરનો એક હિસ્સો, દિલસુખનગર, આતંકવાદીઓથી કરાયેલા બોમ્બ ઘડાકાથી ધ્રુજી ઉઠ્યો. કેટલાય નિર્દોષ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા, કેટલાય ઘાયલ થયા તથા બીજી પણ જાનમાલની નુકસાની થઈ. વિવિધ રાજકીય પક્ષો એકબીજા ઉપર દોષનો ટોપલો ઢોળતા રહ્યા. અને વિચારવાની વાત એ છે કે આટલા ભીડભાડવાળા ઈલાકામાં કેટલી સુરક્ષા સંભવી શકે ?

તા. ૮-૩-૨૦૧૩ આંતરાષ્ટ્રીય મહિલા દિવસ છે. મહિલાઓની જાગૃતિનો દિવસ પણ ફક્ત મહિલા સંસ્થાઓમાં મહિલાઓને લગતા પ્રવચનો કરવાથી કંઈજ નહીં સંભવે. છાપુ ખોલતાજ ઠેર ઠેર બળાત્કારના બનાવો વાંચીએ છીએ. આ માટે મહિલાઓએ જ પોતાની રક્ષા માટે આગળ આવવું પડશે. સ્વાવલંબી બનવા માટે હમેશા તત્પર રહેતી બહેનોએ હવે સ્વરક્ષા માટે પણ મજબુત બનવાની ઘડી આવી ગઈ છે. સ્વરક્ષાની તાલિમ લેવી જરૂરી છે. આધુનિક યુગમાં દરેક સ્ત્રીએ, પછીતે પરિણિત હોય કે અપરિણિત, પોતાના વર્તન તથા વ્યવહાર પ્રત્યે સભાન રહી પોતાની રક્ષા પોતેજ કરવા કટિબદ્ધ રહેવું પડશે.

# જૈન (કાસ્ટ) માયનોરિટી સર્ટિફિકેટ

જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ૨૦૧૩ ના નિયાપોમાં જાહેર કરેલ વિગતના અનુસંધાનમાં જણાવવાનું કે ગવર્નમેન્ટ ઓફ આંધ્ર પ્રદેશ માયનોરિટીસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડેલ ઓર્ડર મૂજબ જૈન સમાજને ધાર્મિક માયનોરિટી તરીકે માન્યતા આપતો જી.ઓ. તા. ૮-૩-૨૦૧૧ ના બહાર પાડેલ જેમાં હમણાં ફક્ત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટમાં માયનોરિટી ના તમામ ફાયદાઓ ઉપલબ્ધ થશે. હમણાં ખાસ કરીને હાયર સેકન્ડરી અને ઉપરના વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ફાયદો મળી શકશે.

અરજી પત્રક ભર્યાબાદ સમાજમાંથી બોનાફાઈડ સર્ટિફિકેટ્સ મેળવી પોતપોતાના એરિયાના એમ.આર.ઓ./તેહસીલદાર ની ઓફિસમાંથી જરૂરી પેપરવર્ક/કાર્યવાહી કર્યા બાદ ઓરિજિનલ માયનોરિટી સર્ટિફિકેટ મેળવી શકાશે. આ પ્રક્રિયાનો અંદાજિત ખર્ચ રૂ. ૧૦૦૦ સુધી આવી શકે છે. જે અરજદારે પોતે ભોગવવાનો રહેશે.

**❖ વધુ માહિતિ માટે સંપર્ક ❖**

| | |
|---|---|
| **પંકજ વલ્લભજી સાવલા** | **દિનેશ કલ્યાણજી ગોસર** |
| **૯૩૯૪૫ ૫૩૧૫૪** | **૯૩૯૧૧ ૯૯૦૧૧** |
| **૮૦૯૯૯ ૬૬૬૬૫** | **૯૨૪૬૧ ૯૯૦૧૧** |


NO DONATION
Admissions Open
Shri Kutchchi Mitra Mandal
Shanti PRIMARY SCHOOL

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૨) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૩) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ લીધા પછી,** ક્લેમ લેતા પહેલા નીચે જણાવેલ માહિતી જરૂરથી વાંચશો. મેડિક્લેમ લેવા માટે હોસ્પિટલમાં એડમિટ થતાં પહેલા નીચેની બાબતો જરૂરથી ધ્યાનમાં રાખશો.

૧) રુમ, બોર્ડીંગ અને નર્સીંગ માટેના ચાર્જીસ જે હોસ્પિટલ કે નર્સીંગ હોમ દ્વારા લેવામાં આવે છે તે ઈન્સ્યોર્ડ સમનો ૧ ટકા કે એક દિવસનો ખર્ચ એ બેમાંથી જે ઓંછો હશે તે મળશે (Excluding Cumulative Bonus).

૨) ઈન્ટેન્સીવ કેર યુનિટ, (ICU) ઈન્ટેન્સીવ કાર્ડિયાક કેર યુનિટ (ICCU) ના ચાર્જીસ લેવામાં આવે છે તે ઈન્સ્યોર્ડ સમનો ૨ ટકા કે એક દિવસનો ખર્ચ એ બેમાંથી જે ઓછો હશે તે મળશે, Excluding Cumulative Bonus).

૪) **ક્લેમ લેતી વખતે :** ૧) ક્લેમ નો સેટલમેન્ટ પહેલા પેશન્ટના નામથી ચેકથી આપવામાં આવતુ હતું. હવે નવા કાયદા મુજબ ઈન્શ્યુરન્સ કંપની આપણી પાસેથી પેશન્ટના બેન્ક એકાઉન્ટનો એક બ્લેન્ક કેન્સલ ચેક ક્લેમ એપ્લીકેશન સાથે માંગે છે.

નોંધ : અગર ચેક ઉપર એકાઉન્ટ નંબર અને નામ પ્રીન્ટેડ ન હોય તો પાસ બુકની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

૨) NEFT થી મોકલવાનું ફોર્મ એપ્લીકેશન સાથે આપવું પડે છે જે આપ કચ્છી ભવનથી એપ્લીકેશન ફોર્મ સાથે લઈ શકશો.

૩) ક્લેમ પેપર્સ દાખલ કર્યા પછી, ૪૫/૬૦ દિવસ ક્લેમ સેટલ થતા લાગે છે જે ધ્યાનમાં રાખવા વિનંતી. તેથી બને ત્યાં સુધી "કેશ લેશ" ક્લેમ સેટલમેન્ટમાં જવું સારું રહે.

**નોંધ :** આપની મેડિક્લેમની જૂની પોલીસીઓ પણ સંભાળીને રાખવી, ક્યારે પણ એની જરૂર પડી શકે છે.


MISS & MRS
HYDERABAD
GUJARATI
Participate in Miss & Mrs Hyderabad Gujarati
India's Biggest Traditional and
Cultural Beauty Pageant
Grooming
For All The
Contestant
Audition Round
Ramp Walk and Introduction Round
Garba & Chaniyacholi Round
MISS & MRS
HYDERABAD GUJARATI
Eligibility
For Miss: The Contestant must be
Unmarried Gujarati Girl
Mrs. The Contestant must be
Married Woman
Win Miss & Mrs Hyderabad Gujarati
Quality for Miss & Mrs India Gujarati
Proposed Date of Event June-2013
With Best Compliments
ASP Pump Corporation
Swathi Chemicals
મને ગર્વ છે કે હું ગુજરાતી છુ
Contact

# માવજત સમિતિ પ્રસ્તુત કરે છે.

# નિ:શુલ્ક શિબિર

## શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદ્રાબાદ

## લાયન્સ ક્લબ ઓફ હૈદ્રાબાદ ઈસ્ટ અને

## શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ

ના સહયોગ થી

# નાના બાળકો અને સ્ત્રીઓ માટે નિ:શુલ્ક શિબિર

**રવિવાર તા. ૩૧-૩-૨૦૧૩**

**સવારના ૮.૩૦ થી બપોરના ૧.૦૦ સુધી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, હૈદરાબાદ ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩**

રજીસ્ટ્રેશન તા. ૧૫-૩-૨૦૧૩ થી શરૂ કરવામાં આવશે.

સમય : સવારના ૯.૦૦ થી સાંજના ૫ વાગ્યા સુધી

શ્રી કચ્છી ભવનની ઓફિસમાં

રજીસ્ટ્રેશન ચાર્જ રૂ. ૫.૦૦ પ્રત્યેક તપાસ દીઠ

નોંધ : વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૧૫૦ નામ બાળકોના નોંધવામાં આવશે. અને સ્ત્રીઓ માટે ૧૦૦ નામ નોંધવામાં આવશે.

બાળકોની જનરલ તપાસ : **1) Dr. Chetan Mundada**, પીડીયાટ્રીક (Sunrise Hospital)

**2) Dr. Sambhav Vora**, ડેન્ટીસ્ટ

બધા સભ્યો માટે : **Checking of Bone Density** (Medicity Hospital)

સ્ત્રીઓની તપાસ : **Dr. Shanti,** Gaynocologist, (Medicity Hosptial)

ફ્રી રેન્ડમ સુગર ચેકઅપ (ડાયાબીટીસ) તથા (હાઈપર ટેન્શન) બી.પી. ચેકીંગ તથા તે માટેનું માર્ગદર્શન કીંગકોટી હોસ્પિટલના ડૉક્ટર તરફથી કરવામાં આવશે. જેનો લાભ બધાજ સભ્ય ભાઈ બહેનો લઈ શકશે. વધુમાં વધુ ૨૦૦ પેશન્ટો લેવામાં આવશે. સમય સવારના ૮.૩૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

શ્રી

# ગરમ ગરમ ઉનાળામાં ઠંડક મેળવો

...મસાલા છાસ

....... પ્લેન લસ્સી

........... સ્ટ્રોબરી લસ્સી

................પાઈનેપલ લસ્સી

....................બ્લેક કરન્ટ લસ્સી (કાળી દાક્ષ)

હવે મળે છે છુટક તથા ૧ લીટર પેકીંગમાં

આ બધી લસ્સી એસેન્સ વગર નેચલર ફ્રુટ થી બનાવવામાં આવે છે.

છૂટક તથા જથ્થાબંધ, લગ્ન પ્રસંગે તથા બધા પ્રસંગો માટે.

<u>મેળવવા તથા ઓર્ડર આપવાનું સરનામુ</u>

## Hare Krishna Milk Products

*Opp. Jaiswal Bhavan Lane, Beside Petrol Pump,*
*Narayanguda, Hyderabad*
*Cell : 92477 94835*

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
**હરિલાલ ભીમશી સાવલા**

**મૂઠીભર અનાજ યોજના :** મૂઠીભર અનાજ યોજના હેઠળ નીચે મુજબનો અનાજ મળેલ છે જેને આશ્રમમાં વિતરણ કરવામાં આપેલ છે.

૫૦ કીલો તુવરદાળ કસ્તુરબેન દેવચંદ દેઢીયા
૫૦ કીલો ચોખા શ્રીમતી દમયંતી મહેન્દ્ર ગડા
૫૦ કીલો ચોખા શ્રીમતી અમીસી અમિત ગોગરી

## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. જાનવરોની વૈયોવચ્ચ | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| સ્વ. પ્રમોદ વીરજી દેઢીયા ની પુણ્યતિથી નિમિત્તે | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪ | ૧૦૦૦ | - | - |
| ગૌરવ સતીષ શાહ | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી હીના હીતેન સંઘોઈ | - | ૫૦૦ | - | - | - | - |
| જેનીલ પંકજ દેઢીયા | - | ૫૦૦ | - | - | - | - |
| સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા | - | ૫૦૦ | - | - | - | - |
| ડૉ. રીટા હરિશ ગાલા | - | ૧૨૫૧ | - | - | - | - |
| પ્રેમીલા જયસિંહ વેદ | - | ૧૦૦૦ | - | - | - | - |
| હેતલ નિતન ગાલા ના જન્મદિન | - | ૫૦૦ | - | - | - | - |
| શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા | - | ૬૦૦૦ | - | - | - | - |
| શ્રીમતી કલ્પના દિલીપ મહેતા | - | - | ૨ | - | - | - |
| સ્વ. અમૃતલાલ મોહનલાલ નાગડાની પુણ્યતિથી નિમિત્તે | - | - | ૧ | - | - | - |
| શ્રી અમિત નીરંજન ગોગરીના પિતાશ્રીની પુણ્યતિથી નિમિત્તે | - | - | ૧ | - | - | - |
| કનીષ કેતન કારાણીના જન્મદિન | - | - | ૧ | - | - | - |
| શ્રીમતી અમીસી અમિત ગોગરી | - | - | ૧ | - | - | - |
| શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદરાબાદ-સિકન્દ્રાબાદ | - | - | - | - | ૩૦૦૦ | - |
| સ્વ. તરલાબાઈ ભીમશી સાવલાના | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૧ |




*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (બિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા. ખ.)



Kutchhi Cricket Club Hyderabad
Team KCC
Thanks
Shri Prafulbhai Ratanshi Gogri Pariwar
Victory
Victory Comfort Products
Manufactures of Rubberised Coir Mattresses
For Supporting us by continuing as the Lead Sponsors for KPL for next 3 years.
So coming next Jan 2014
KPL-6
For Team Franchise/Sponsorship Please call
Hurry up only 3 Teams available for next 3 edition of KPL.
KCC plays Regular Cricket with Season Ball every Sunday.

## વસ્તી પત્રક સમિતિ

સંચાલક : અરવિંદ કેશવજી છેડા
૯૩૯૧૦ ૦૭૨૭૭

"સંપર્ક સેતુ" ટેલીફોન ડિરેક્ટરી ૨૦૧૩ નું વિમોચન શનિવાર તા. ૨૬ જાન્યુમારી ૨૦૧૩ નાં કરવામાં આવેલ.

સભ્યો માટે પરિવાર દીઠ એક કોપીનું વિતરણ શ્રી કચ્છી ભવનમાં રવિવાર તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ તેમજ છેલ્લુ વિતરણ રવિવાર તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ નાં તથા ૩ માર્ચ ૨૦૧૩ ના કરવામાં આવેલ અને તેની જાણ ફેબ્રુઆરી ૨૦૧૩ નાં નિયાપો માં તેમજ એસ.એમ.એસ. દ્વારા કરવામાં આવેલ. "સંપર્ક સેતું"ની વધારાની કોપી જેમને જોઈતી હોય તેમણે કચ્છી ભવનની ઓફિસ માંથી રૂ. ૨૦૦/- ભરી મેળવી લેવી.

વિતરણ દરમ્યાન મદદરૂપ થવા માટે શ્રી પંકજ હિરજી સાવલા, શ્રી હરેશ દેઢીયા, શ્રી લહેરચંદ લોડાયા, શ્રી વિજય દેઢીયા, શ્રી દિનેશભાઈ ગોસરનો આભાર. એસ.એમ.એસ મોકલવામાટે વ્યવસ્થા કરનાર માનવમિત્ર સમિતિ ના શ્રી પંકજભાઈ વલ્લભજી સાવલા નો આભાર.

તા. ૧૭ ફેબ્રુઆરી નાં ગડા - રાંભિયા નુખની પહેડીમાં તેમજ તા. ૩ માર્ચ ૨૦૧૩ દેઢિયા નુખની પહેડીમાં કાર્યકર્તાઓને માતાજી ની પ્રસાદી (પ્રિતીભોજન) માટે આમંત્રણ આપવા બદલ ગડા-રાંભિયા અને દેઢિયા નુખનાં પરિવારજનો નો આભાર.

## Shanti Primary School

**Vipul Harilal Nisar,** Correspondent

**Our School celebrated its 7th Annual Day on 22nd Feb 2013 at the premises Of Shri Kutchchi Bhavan.**

**At the beginning ,after lighting of Lamp by our president Shri Dhanjibhai Sawla along with Trustees and Working Committee members, the programme started with rendition of a Shloka followed by Ganesh Vandana.**

**After the nursery dance, in his address the correspondent stressed on the need for extra curricular activities along with studies which would help the children to grow from innocent toddlers to responsible youngsters with all round development. This is suitably taken care by team of experienced and talented teachers. The dances and skit put up by the students were well appreciated by the capacity crowds of Parents, Guests,**

**Trustees and Working Committee members.**

**The depiction of Bio-Diversity theme in the form of Dance by upper standard students was richly applauded.**

**The Prizes and Certificates of Merit were distributed to meritorious students by the members of Trust Board and Working committee.**

**I thank Smt Shantaben Hirji Kanji Gosar Family for presenting gifts to all the students of the school. We look forward to their continuous support to the school.**

**I also thank Mr Anand Sharma and his team,from Pushpanjali Electricals for providing excellent Sound and Light arrangements on complimentary basis. We sincerely appreciate the generous gesture.**

**The time has now come to prepare for the Final Term. The annual exams are scheduled in the month of April. I wish all the students to study hard and give their best.**




# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અધતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહ સંચાલક : દામજી માવજી સાવલા

રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ ના સાંજના ઠીક ૪.૦૦ વાગે શ્રી કચ્છી ભવનમાં સાંધાના દુખાવા માટે ફીજીયોથેરેપી નો મહત્વ આ વિષય ઉપર સમાજની એક નવોદીત ડૉ. કુમારી શ્રુતી હિતેન સંઘોઈ તથા એમના સાથે ડૉક્ટર શ્રીમતી પદ્મા તથા શ્રી નવિને સુંદર પ્રકાશ પાડેલ. રોજીંદા જીવનમાં હાલતા ચાલતા થોડુક ધ્યાન આપી હલકા વ્યાયામ કરતા રહીએ તો અનેક શારીરીક વ્યાધીને અટકાવી શકીએ.

કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશભાઈ શાહે બહુખુબીથી નિભાવેલ માનદ મંત્રી શ્રી અમૃતલાલ નિસર મૈનેજીંગટ્રસ્ટી શ્રી હરીલાલ સાવલા સહખજાનચી શ્રી દિનેશ ગોસર તથા સમાજના બહુ સંખ્ય સભાસદોની હાજરી થી કાર્યક્રમની ગરીમા જળવાઈ તથા ડૉક્ટર ટીમને પણ યોગ્ય પ્રોત્સાહન મળેલ. એ પોતાના સંપૂર્ણ જ્ઞાનની રજુઆત કરવા ઉત્સુક હતા પણ સમયની મર્યાદાએ ઘણુ બધુ આપ્યુ અને ઘણુ બધુ રહી પણ ગયું. અંતમાં આલ્પાહારની વ્યવસ્થાનો લાભલઈ સર્વે છુટા પડ્યા રવિવાર તા. ૨૯-૭-૨૦૧૨ ના મેલકોટે ગાર્ડેન માં આપણાજ સમાજના યોગ નિષ્ણાત શ્રી પ્રવિણભાઈ કાપડીયા એ પણ આવીજ નાની-નાની ટીપ્સ આપેલ.

ઉપરોક્ત સર્વે માર્ગદર્શનનો નિયમિત સંચાલન થાય તે માટે મે ૨૦૧૩ માં વડિલોની એક શિબીર આયોજીત કરવાનું વિચારાધીન છે. આ બાબત આપ સર્વેની ઉત્સુકતા પ્રગટ કરવા ૧૫ એપ્રીલ ૨૦૧૩ સુધી લેખીત અર્જીઓ મોકલવા વિનંતી. આપ સર્વેના પ્રતિસાદથી ઠોસ નિર્ણય લેવામાં મદદરૂપ થશે. વધુ વિગત માટે સંચાલક ને સંપર્ક કરવા વિનંતી.

આયોજીત કાર્યક્રમમાં સમિતીના સહ સંચાલક શ્રી દામજી માવજી સાવલા તથા સભ્યો શ્રી ધીરજ જેતશી દુલ્લા, શ્રીમતી દર્શના દેઢીયા તથા શ્રીમતી વિદ્યા સાવલા એ યોગ્ય સાથ સહકાર આપી કાર્યક્રમ સફળ બનાવેલ. સર્વેનો આભાર.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

**માત્ર મારો માર્ગદર્શન – સઁવરે તમારો ભવિષ્ય**

આવી મોંઘવારીમાં પણ, બચતની નાની રકમથી પણ જો સારા વ્યાજ દર સાથે ઈન્સ્યોરન્સ મળતો હોય તો વિચારવાનું શું......... ?
જીવન સાથે ભવિષ્ય ની પૂંજીમાં વધારો... તો આ બચતના રસ્તાઓ ઘણા છે.
જેમ કે... હોલ લાઈફ પ્લાન, ચાઈલ્ડ સેવિંગ પ્લાન, રિટાયર્ડમેન્ટ પ્લાન...
એક સમજદાર હાઉસવાઈફ પણ પોતાના પરિવાર માટે આ પ્લાન કરાવી શકે છે...
એડ્વાઈઝર :
**કોટક લાઈફ ઈન્સ્યોરન્સ, મનીષા ગડા** (આકાશગંગા-કાચીગુડા : ૯૨૯૮૫ ૦૦૭૧૫)

(જા.ખ.)

# સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સવિનય જણાવવાનું કે મંડળનાં સભ્ય પદ નું લિસ્ટ અપગ્રેડ થઈ રહ્યું છે એની સાથે મંડળનાં સભ્યનું ઓળખ પત્ર (Identity Card) બનાવવાનું કાર્ય શરૂ થયેલ છે. એ માટે કચ્છી મિત્ર મંડળનાં સભ્ય કુંટુંબીજનો માટે સૂચનાં નીચે મુજબનાં કોઈ પણ ફેરફાર થયા હોય તો જણાવવા વિનંતી.

૧) પરિવાર માં કચ્છી મિત્ર મંડળનાં સભ્ય નું અવસાન થયું હોય, પરિવારમાં બીજા કોઈ સભ્ય ન હોય તો એક કુટુંબીજન અતિવિશેષ તરીકે સભ્ય બની શકે છે.

૨) કોઈ પણ સ્ત્રી સભ્ય જેના લગ્ન કચ્છી સિવાય અન્ય જ્ઞાતીમાં થયા. હોય તો તે સ્ત્રી સભ્યનો સભ્યપદ રદ કરવામાં આવશે.

૩) મંડળનાં સભ્ય એક વર્ષ થી ત્રણ વર્ષ ની મુદત માટે મંડળનાં કાર્યક્ષેત્ર થી બહાર જાય તો તેણે કારોબારીને તેની લેખીત જાણ કરવાની રહેશે અન્યથા તેમનું સભ્યપદ રદબાતલ ગણાશે.

૪) મંડળનો સભ્યપદ કોઈપણ કારણે ટ્રાન્સફરેબલ નથી.

ઉપર નાં સંજોગમાં મંડળની ઓફીસમાં લેખીત જાણ કરવા વિનંતિ. એ સિવાય સભ્ય પદનાં સંચાલકો મનીષ મગનલાલ સાવાલ. ૯૩૯૧૦૨૪૧૦૮, હરેશ હેમરાજ દેઢીયા ૯૨૪૬૧ ૯૪૪૦૫, લહેરચંદ ટોકરશી લોડાયા ૯૨૪૬૫ ૩૧૦૬૬ ને ફોન અથવા રૂબરૂ મળીને જણાવશો. જેથી મંડળના સભ્યપદનું નવુ લીસ્ટ વ્યવસ્થીત અપડેટ થઈ શકે.



# સંસ્થા સમાચાર

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયીક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ, જીનેશ્વરધામના આ મહિનાના અતિથિ વિશેષ શેઠશ્રી તપસ્વીશ્રી પોપટભાઈ ભાણજી ગડા (ગામ-લઠેડી) છે.

❖ **શ્ર ભલારા ભક્તિ મંડળ :** શ્રી ભલારા ભક્તિ મંડળ હૈદરાબાદના ઉપક્રમે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી ભલારાદાદાના સમુહપાઠ તથા પ્રસાદીનું આયોજન ચૈત્ર સુદ ૧૪ બુધવાર તા. ૨૪-૪-૨૦૧૩ ના ગોધુલી વેળાએ શ્રી કચ્છી ભવન રામકોટમાં રાખવામાં આવેલ છે. સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી શેઠશ્રી રમેશભાઈ પ્રેમજી લોડાયા પરિવાર (કચ્છ ગામ વારાપધર) છે. ભલારાદાદાને નમતા સર્વે ભાવિકોને સહપરિવાર સમયસર પધારી પાઠ, જ્યોત દર્શન તથા પ્રસાદીનું લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક : **શ્રી ગુલાબચંદ પદમશી મોતા - ૯૪૪૧૯૬૧૪૨, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા - ૯૨૫૬૫૩૧૦૬૬, શ્રી જવેરચંદ માડણ દંડ - ૯૨૯૧૬ ૨૨૨૭૫, શ્રી હંસકુમાર રાયચંદ સાયલા - ૬૩૩૬ ૨૪૪૫, ૨૭૫૬ ૨૫૪૫**

---

## જીવન ચક્ર

**પુત્રી જન્મ**

| | | |
|---|---|---|
| હિરલ નયન મહેન્દ્ર કલ્યાણજી ગંગર | મેરાઉ | હૈદરાબાદ |

**શુભ લગ્ન**

| | | |
|---|---|---|
| વૈશાલી લક્ષ્મીચંદ સુંદરજી નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| નયન મણીલાલ રામજી માલદે | લુણી | સાંગલી |

**Change of Address**

**સુભાષચંદ્ર કસ્તુરચંદ ખંડોર,** લીજેન્ડ મેજેસ્ટ્રીક એપાર્ટમેન્ટ, ૩-૪-૧૩૧, શાલીની હોસ્પિટલ લેન, ફ્લેટ નં. ૧એ, પહેલે માળે, બરકતપુરા, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭

**કાંતિલાલ રામજી ધરોડ,** Acrodolis Tulip, F.No. 401, 4th Floor, H.No. 4-5-573, Qutbiguda, Hyderabad - 500 027 (A.P.) Ph : 88977 24996

*જે વ્યવહાર તમે મા-બાપ સાથે કરશો એજ વ્યવહાર તમારા દીકરા તમારી સાથે કરવાના છે - એ વાત લખી રાખો.*

**KEVAL & KANCHAN GRUH UDYOG**

❖ Specialist in all Khakhras ❖

Ghee Jeera, Ghee Sada, Methi Sada, Sp. Masala, Sp. Masala Methi, Chorafali, S.P. Math

(જા.ખ.)

Ph : **Alpa Gala** - 98490 10165, **Gaurav Gala** - 93460 10165, **Bijal Gala** - 95335 90165, 2760 8197

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- We undertake Hair Spa Treatment
- Galvanic Treatment
- Stone Theropy
- Body Spa
- Bridal Packages
- Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer
**Mehandi & Self Grooming Classes**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS

***Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.***

***New Arrival : Roasted Kurkure 0% Colestral - Chana Jor, Moong Jor, Masoor Jor, Bajra Masala, Wheat Flakes, Potato Chips, Cheese Balls etc...***

CONTACT : # 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,Tilak Road, Hyderabad-1

**Ph : NITIN GALA - 99630 10657, SUNITA GALA - 94408 75034**

**BULK ORDER FREE HOME DELIVERY** (જા.ખ.)

# *Good News for Teenagers & Ladies*

**Discover a new 'U' and regain your Glow & Beauty**

Special Beauty Package : **Facial, Bleaching, Eyebrow, Waxing for just Rs. 350/-**

**With Manicure, Pedicure Rs 500/-**

**For Appointment Contact : 92900 48873, 040-6610 1401**

**Home Service facility also available**

(જા.ખ.)

# વિવિધા

## ◆ પ્રાર્થના ◆

હે કરૂણાના કરનારા ! તારી કરૂણાનો કોઈ પાર નથી ! હે દયાળુ દીનાનાથ ! પેલા અપંગ માણસને જોઈ . હું તારા ઉપર ઓવારી જાઉં છું. પ્રભુ ! તારો ક્યા શબ્દોમાં આભાર માનું ? ખરેખર હે નાથ ! તે મને મારા ગજા કરતા કેટલું બધુ આપી દીધું છે ! જો ને પેલા ઝાડને આંખ, કાન, નાક કે જીભ કંઈજ નથી આપ્યું ! જ્યારે તેં મને બધુંજ આપી દીધું છે. હે કૃપાળુ ! જોને પેલા આવડા મોટા હાથીને વાત કરવા ભાષાજ આપી નથી ! હું તો તારી સ્તુતિઓ કેટલી મજાથી બોલી શકું છું ! અને મારા સુખ દુઃખની લાગણીઓ તારી આગળ વ્યક્ત કરી હળવો ફૂલ બની જાઉં છું. હે પ્રભુ ! જ્યારે કોઈ અંધને જોઉછું, જ્યારે કોઈ મુંગા માણસને જોઉં છું અને થાય છે કે આ બધાને મનુષ્યપણું મળ્યું, પરંતુ આ બધુ નથી મળ્યું. પરંતુ તારી કૃપાથી મનેતો આંખ પણ મળી, જેથી તારા નિત્ય દર્શન કરી શકું છું. કાનથી તારા ગીતો સંભળી આનંદિત થાઉં છું. અને મુખથી તારી સ્તવના કરી નાચી ઉઠું છું. પ્રભુ તારો કરોડોવાર આભાર માનું છું, પણ હે નાથ ! તે એ બધા જીવોને આ બધુ કેમ નથી આપ્યું ? શું તેઓએ ઘણાં પાપ કર્યા હતા માટે ? જો હા, તો તેઓના પાપ દૂર કરી તું સુખ આપી દે ને ! તું તો બધી વાતે સમર્થ છે. તને તેઓના દુઃખ જોઈ કંઈ થતું નથી ? પ્રભુ ! એવું હોય તો મારૂં સુખ તું એમને આપી દે જા બસ !

**દિનેશ કલ્યાણજી ગોસર**

## ◆ સંબંધ ◆

***લાખો મુસાફિર પસાર થઈ જાય તો પણ***
***કોકના પગલા કાયમ માટે યાદ રહી જાય છે!!***

સંબંધના મોતિ પરોવી રાખજો વિશ્વાસની દોરી મજબુત બનાવી રાખજો અમે ક્યાં કીધું કે અમારા જ દોસ્ત બનીને રહો પણ તમારા દોસ્તો ની યાદીમાં ક નામ અમારૂં પણ રાખજો !!!

કેટલાક સંબંધો જીવન સાથે વણાઈ જાય છે કેટલીક યાદો સ્વપ્ન બની ને રહી જાય છે લાખો મુસાફિર પસાર થઈ જાય તો પણ કોઈકના પગલા કાયમ માટે યાદ રહી જાય છે!!

ઝીંદલી મળવી એ નસીબની વાત છે મોત મળવું એ સમયની વાત છે. પણ મોત પછી પણ કોઈના દિલમાં જીવતા રહેવું એ ઝીંદગીમાં કરેલા કર્મની વાત છે.

પાનખરમાં વસંત થવું મને ગમે છેયાદોની વર્ષામાં ભીંજાવું મને ગમે છે
આંખ ભીની તો કાયમ રહે છે તો પણ કોઈના માટે હસતા રહેવું ગમે છે
મોકલું છું મીઠીયાદ ક્યાંક સાચવી રાખજો મિત્રો હમેશા અમૂલ્ય છે
યાદ રાખજોતડકામાં છાયો ના લાવી શકે તો કંઈ નહિ
ખુલા પગે તમારી સાથે ચાલશે એ જ યાદ રાખજો

જીવનમાં સમયની સાથે ચાલવું પડે છે જે નામંજુર હોય તે જ કરવું પડે છે રોવાનો અધિકાર પણ નથી આપતું આ જગત પણ ક્યારેક લોકોને બતાવવા માટે પણ હસવું પડે છે.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

# આ તે કેવું જીવન

૩૦ રૂપિયાના ઢોસા થી કંટાળી ગયા છે,
૩૦૦ રૂપિયાના પીઝા ટેસ્ટી અને હેલ્થી લાગે છે.
કમર ગુટણ ની તકલીફ સહવાતી નથી,
વારીંગ મશીન વગર કપડાનું મેલ નિકળતુ નથી.
દેસીઘીના ગોડીયા લાડુ બનાવતા આવડતા નથી,
કેક મેકીંગ માં માસ્ટરી છે.
દુકાન માં કામ કરતા માણસનો પગાર વધારે લાગે છે
છોકરાઓને તો ઈન્ટરનેશનલ / પબ્લીક સ્કૂલમા મોકલવું છે.
૪૦ રૂપિયા કિલો શાક મોંઘુ લાગે છે,
૪૦૦૦ રૂપિયાની સાડી માંય સંતોષ નથી
ઘરની કામવાળી ના નખરા લાગે છે,
જિમ જવામાં તો સ્ટાઈલ છે.
લેટેસ્ટ ડિઝાઈન ના વસ્ત્રો માટે શોપીંગ મૉલ માં ભટકવું છે,
ઘરનું કરીયાણુ ફ્રી હોમ ડેલીવરી જ જોઈએ છે.
હોટલથી ફૂડ પાર્સલ લાવવું મજબૂરી છે,
કિટ્ટી પાર્ટીમાં ગપશપ જરૂરી છે
કરંટ નું બીલ વધારે લાગે છે,
એકાઉંટ વગર નીંદર આવતી નથી.
રસ્તા ઉપર ટ્રાફીકજામ થી બી.પી. વધે છે,
કારમાં બેઠા સિવાય મંઝીલ દેખાતી નથી.
મોબાઈલ થી સમ્પર્ક કરવું સહેલુ છે,
ઘરમાં સાસુ / વહુથી નજર મેળવી અઘરૂ છે.
મોંઘવારીની વાતોકરી ટાઇમ વેસ્ટ કરવું છે,
ઘરનું ઈન્ટીરીયર સહુથી બેસ્ટ હોવુ જરૂરી છે.
ઘરમાં મહેમાન આવે તો રસોઈના વખાણ થાય,
થેંક-ગૉડ-ઈન્સ્ટેંટ ફૂડ પેકનો સાથ છે.

**પરેશ મુલજી કારાણી**

# દર્દનાક - દિલસૂખ નગર

સાંજના સાત વાગ્યાનો સમય છે. દિલસુખનગર રોડ પર અને બજારો માં રાખેતા મુજબ ની ચહેલ પહેલ છે. નોકરિયાતવર્ગ પોતાના ઘર તરફ જઈ રહ્યા છે. મોલ - સુપરમાર્કેટ ને દુકાનો માં ઘરાકી નો ટાઈમ છે. આવા ભરચક વિસ્તારની વચ્ચે અચાનક કાનફાડી નાખે એવો ધડાકો થાય છે. લોકો માં ભાગ દોડ મચી જાય છે. હજુ તો કંઈ સમજાય એ પહેલાં ચાલીસ પચાસ મીટર દૂર બીજો પ્રચંડ ધડાકો થાય છે. હાહાકાર મચી જાય છે. પુરૂષો ના પોકારો, મહીલાઓની ચીસો બાળકો ના આક્રંદ થી વાતાવરણ ધ્રુજી ઉઠે

છે. કાંચ ફૂટવાના અવાજો, બોર્ડ પડવાના અવાજો, ધુમાડો, પોલીસ વેનો તથા એમ્બ્યુલંસ ની સાયરનો, ફટાફટ બંધ થતી દુકાનોના શટરોના અવાજો થી ભયાનકતા વધતી જાય છે. ટાઈમરબોમ્બ ની તિવ્રતા એટલી હતી કે લગભગ ૧ દોઢ કિલો મીટર વિસ્તારમાં એના અવાજો સંભળાયા. લોહી લુહાણ લાશો દસ પંદર ફૂટ સુધી ફેકાંઈ ગઈ. ઘાયલો બિચારા કણસતા આમતેમ ભાગવા લાગ્યા. એમ્બ્યુલેંસમાં માણસો ને જેમ તેમ ખડકવા લાગ્યા. ખબર નહી એમાં લાશો કેટલી હતી ને ઘાયલો કેટલા હતા ! અધૂરા માં પૂરૂ વળી ન્યૂઝ ચેનોલો ની વેનો ના ધાડા ના ધાડા રોડપર ઉતરી પડ્યા. અમારી દૂકાનો થી આઠ દસ દુકાન છોડી ને જ મોટો ધમાકો થયો હતો તેથી ઘાયલો તો અમારી દુકાન ની સામે આવીને પડી રહ્યાહતાં, મગજ બ્હેર મારી ગયું હતું દુકાનો બંધ કરવાની લાયમાં કંઈ સૂઝતું ન હતું. ભયભીત લોકો આમતેમ દુકાનો માં ઘૂસવાની કોશીષ કરી રહ્યા હતા. આવી વેળાએ આપણે સ્વ ના બચાવ માં પરપીડા ને ભૂલી જઈએ છીએ.

મૃતક અને ઘાયલો માં સાંઈઠ સીતેરનાં વૃદ્ધ થી કરી દસબાર વર્ષના બાળકો પણ હતાં હિન્દૂ પણમર્યાને મુસ્લીમો પણ મર્યા. હજુ એ દશ્ય યાદ આવે છે તે રૂંવાટા ઉભા થઈ જાય છે. બોમ્બ ધડાકાઓ વિશે હમેંશા સાંભળીએછીએ, વાંચીયે છીએ, ને ટી.વી. માં જોઈયે પણ છીએ, પણ હવે તો જાણે આ એક બિમારી ની જેમ ઘર આંગણે આવા આંતકો થવા માંડ્યા છે.

મૃતક અને ઘાયલોમાં રાહદારીઓ, ફેરિયાઓ, કૉલેજીયનો વધારે હતાં વિસ્ફોટો થઈ ગયા બાદ રાજકારણીઓની અવરજવર ચાલુ થઈ ગઈ. જેમકે લોકલ એમ.એલ.એ. વિવિધ કોબીનેટ પ્રધાનો, મુખ્ય પ્રધાન, વડા પ્રધાન, ગૃહમંત્રી ઈત્યાદિ. ચારે તરફથી નાકાબંદી, આવતાં જંતા વાહનો ની સઘન ઉલટ તપાસ વેગેરે થી જનતાની હાડમારી હજૂવધી ગઈ. હોદ્દેદારો આવે, પાંચ દસ મીનિટ પણ રોકાય નહીં ને એના માટે સખતપહેરો. પછી હોસ્પીટલો માં જઈ ને ઘાયલો ની મુલાકાત લે દિલાસો આપે, વિવિધ ચેનલો ને સ્ફોટક મસાલો મળતો રહે. વારે વારે એ જ દશ્યો બતાવી ને પ્રજામાં હજુ વધારે દહેશત ને ભય ફેલાવ્યા કરે ને પાણીમાંથી પોરા કાઢયા કરે...

શું જરૂરત છે આવી મુલાકાતો ની ? દસ પંદર મીનીટ ના અવલોકન પાછળ લાખો રૂપિયાનો ધુમાડો, પોલીસ ની જવાબદારીઓ પણ વધી જાય રાજકારણીઓ ની સલામતી માટે ! આઠ આઠ દિવસ થવા આવ્યા હજુ પણ એવોજ સન્નાટો રહે છે. વિવિધ પક્ષોવાળા, એસોશીએશનો, કોલોનીવાળા, હોસ્ટેલો વાળા સરઘસ રૂપે આવે છે મીણબતી પ્રગટાવી શ્રદ્ધાંજલી આપે છે. પબ્લિક કરતાં પોલીસ વધારે છે.

ઘાયલો ની હાલત કફોડી છે. કોઈ ની આંખો ગઈ છે કોઈ ના હાથ પગ ગયા છે. કોઈ બહેરાથઈ ગયા છે કોઈના કમરથી નીચેના ભાગ ખોટા થઈ ગયા છે.

ધીમે ધીમે બધુ વિસારે પાડીશું. પણ જેમને શારીરક ને માનસિક જખ્મો થયા છે એ આ ગોઝરી ઘટના ક્યારેય નહીં ભૂલે. ફેરીયા તથા લારી વાળાને હવે ઉભા રહેવા નથી આપતા તેથી રોજ કમાઈ, ને ખાનારા ને ઘણીજ તકલીફ પડતી હશે આમ પ્રત્યક્ષ, પરોક્ષ બધાને ઘણોજ આર્થિક નુકસાન પહોંચેલ છે.

**સહાનુભૂતિનો જુવાળ - આભાર... આભાર... આભાર**

દિલસુખનગર માં જ્યારે બોમ્બ વિષ્ફોટ થયા તે સમાચાર ટી.વી. દ્વારા જાણતાં જ અમને ફોન અને મોંબાઈ લો પર અસંખ્ય (અંદાજે ૮૦ થી ૯૦ ફોન ) કોલ કરી અમારી ક્ષેમ - કુશળ પૂછવા બદલ સ્વજનો, દોસ્તો અને સમાજના પદાધિકારીઓ અને મહાનુભાવો નો અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

સાંજ ૭.૩૦ થી રાત ના ૧૨.૩૦ સૂધી સતત ફોન ચાલૂજ હતાં બીજા દિવસે પણ એજ હાલત હતી.. વેપારીઓ અને ધરાકો હજી પણ દુકાને આવી ખબર અંતર પૂછી જાય છે.

"બસ આજ તો સાથે ચાલવાતું છે." મહેન્દ્ર વોરા "અજ્ઞાની"

## ।। बावरे से नयन ।।

"हाय राम" । जैसे तैसे एक बार बैठने सीट तो मील गयी । मै जैसे ही अपने आपको सवर कर सीट पर बैठी ही थी, मेरी नजर सामने सीट पर बठे हुए उन दो आखों पर पडी जो शायद मुझे बहुत देर से घुर रही हो । मेरे तलें पावकी आग मस्तिष्क में पहुँची । आज नाजाने मैं कितने दिनों से देख रही थी कि वो दो आखें मुझे ऐसे ही घुरती रहती है । मैं क्लास में बैठी हूँ तो वही सामने के कोने में सें वो आँखे मुझे घुरती रहती है । मेरी तब कितनी बेकार हालत हो जाती है । जरा प्रोफेसर के पढाने की ओर ध्यान देने लगी तो उसी आँखी पर नजर टीकती है । और झुझलसी जाती हूँ अपने सहेलीयों के साथ कॉलेज में कही पर भी बैठी तों कही न कही से वो दो आँखे मुझे घुरती ही रहती है । मै कन्टीन में हू या बस में हूं कही भी वो दो आँखे मेरा पिछा नही छोडती । ऐसा घुस्सा आया उन दो आँखो का बस जाकर उन्हे फोड दूँ । आज जब मैं बस में बैठी तभी भी मेरा दिल कुछ ऐसा ही हुआ । जी में आया ऐसी कुछ भली बुरी सुना हूँ, कि वो नजर उठाके मेरे सामने देखने को ही भूल जाए बस । मन मस्तिष्क में विचार आया और मेरे जबान से भी निकल पडा । क्या देखते हों ? जरा कडी आवाज में मैनें उसे पुछा कुछ भी तो नही ऐसे ही कुछ बड बडाते उसने अपनी गर्दन खिडकी की ओर मोड ली ।

मैने देखा उसकी आँखे कुछ डब आयी थी । और अपने आँसू रोकने का असफल प्रयत्न करने पर भी । एकआँसू की धार उसके पलको से छुट गयी थी । झट अपने आपको संभाल कर अपने को पूतका कर लिया मैंने उसकी आवाज में भी कुछ मर्यादापन महसूस किया । मैं एकाएक विचलीत हो गयी । मैं कुछ गलत तो नही कर गयी ना ? उसकी आखों में आसू क्यों आएँ ? क्या बात होगी? अनेक प्रकार के सवाल मेरे दिल में एकबार ही उठे । और हकीकत जानने के बगैर मुझे चैन नहीं पडने लगी ।

गांधी पुतले का स्टाप आया और बस रूकी । वो उठ कर नीचे उतर गया मुझे आगे वर्धमान स्टॉप पर उतरना था मगर में अनमनस्क मनस्थिति में उसके पिछे ही उतर गयी । जरा आगे जाते ही मैंने उसे पुकारा । सुनते ह जी । क्या ?

सच बता दो क्या बात है ?

उसके अधरो पर एक मुसकुराहट दौड आई । और फिर वो चुप हो गया । गर्दन झुकाकर आगे चलने लगा । मैं भी उसे इस अवस्था में ज्यादा छेडना उचीत न समझकर अपने घर की ओर मुडी ।

दूसरे दिन जब मैं अकेली ही कँन्टीन में पहूँची । तो वो वही पर बैठा अकेला, न्यूज पेपर पढ रहा था । मैं झट उसके सामने की खुर्ची पर जा बैठी । और एक बार उसे पुछ बैठी । मेरी कल की हरकत पर माफ करना मगर बताओ ना । क्या बात है ? उसने पेपर टेबल पर रखते हुए कहाँ, शीरान, तुम शायद यकीन न करोगी । ऐसी भी क्या बात है ?

दो नेस कॉफी पास खडे बैरे को उसने ऑर्डर दी । एक गहरी सांस खींचकर उसने आगे बात चलाई, शीरीन तूम्हारे ही जैसी मेरी एक बहन थी । बिलकुल तुम्हारी ही सुरत । तुम्हारी ही अदाओकी झपक उसमे थी । तुम्हे देखकर मुझे लगता कि साक्षात वो ही खडी है मेरी आखों के सामने । पहले दिन जब तुम्हे देखा तो मुझे लगा की बस, मुझे मेरी खोयी हुई बहन वापस मिल गयी । नाम उसका रजीया बेगम था । वो मुझसे बहुत ही प्यार करती थी । और मैं भी उसका उतना ही आदर करता था ।

मेरी हर भुलों को टोकते हुए सुधारने की कोशिश करती । और शायद इसलिए मैं आज इस मुक्काम पर पहुँचा हूँ । मेरी हर बात में उसका ही मार्गदर्शन मुझे मीला है ।

दो साल पहले उसकी शादी हुई थी । मगर उसके योग्य उसे साथी नही मीला उसको वो बहुत ही परेशान करता था । अंत में उसने आत्महत्या करली । पिछले रक्षा बंधन को तो उसकी राखी मुझे पहूँची थी । मगर इस रक्षा बंधनको मुझे उसकी राखी नही मीली । उस रोज मैं बहुत ही बैचेन था । सोचा क्यो न तुम्हारे पास आकर दिल खोलकर बात की जाय । और तुम्हारे हाथा से राखी बांधलु । मगर वो सुख सायद मेरे नसीब में नही था । और मेरा भी स्वभाव साहस नही कर पाया । उस दिन जीवन में पहली बार मैं अपनी उस बहन की राखी से वंचीत रहा ।

खैर । जोभीहो मैं नही मानता मेरी बहन इस पृथ्वी तल पर नही है । आज भी तूम्हारे रूप में साक्षात खडी है बस तुम्हारी हर हलचल को नीहारते मैं मन ही मन समाधान मानते आया हूँ । अपनी बहन की यादें दिल से जगाते आया हूँ । तूम्हारी आखों में मेरी उस बहन के भाव पढने का प्रयत्न करता हूँ । मगर कल तूम्हारे सवाल का रूख कुछ ऐसा था कि, तूम मुझे गलत समझ रही हो । और अपनी मृत बहन की यादे भी मुझसे अन समझ मे लीन ले रीह हो । इस कलपना मनसे मैं अपने आपको संभाल न सका । और....

आवावेग में आकर राज बोल रहा था । उसके कपाल पर पसीनेके कुछ बुंद निकल आये थे । और उसकी आखे भी भर आयी थी । उसकी बाते सुनते सुनते मैं भी अपने आपको भुल बैठी थी । और अवीसा आंसुओ की धारा मेरे आखों से बहने गली ।

इतने में हमारे सामने नेसकॉफी आई । हम दोनो ही चुप थे । दिल के भावनाओ के उथल पुथल ने हमें चुप कर दिया था । दिल ही दिल में हम एक दुसरे को समझने की कोशीश कर रहे थे । जल्दी से मैने नेसकॉफी खत्म की और उठ खडी हो गयी । राज से बहुत कुछ कहने का इरादा होने पर भी अपने मुर्खता की लज्जा ने मुझे चुप कर दिया । मै बहार की ओर हो ली । घडी मे देखा सव्वा नौं बज चुके थे । सेकंड बेल हो रही थी । मैं पीरेड पर जल्दी से जाने लगी । राज भी शायद मेरे पिछे धीरे धीरे आ रहा था ।

रास्ते में अपने कीये पर पछतावा आ रहा था । और एक विचार मेरे मस्तिक में दौंड गया । हम कॉलेज की लडकीयाँ कितनी मूर्ख होती है जो राज जैसे सज्जने के आखों के भाव समझ नही सकती और मुफ्त में उन्हें बदनाम करते है । क्या ये मुमकीन नही कि, कॉलेज के हर लडके की आँखों में हम राज के आखों के भाव पढ सकें ।

**हंसकुमार रायचंद सायला**

SINCE 1998
Satkar
Caterers

Taste U'll Love to Eat
Pure Vegetarian Catering

*Om Padmavathi Namah*

**Rakesh Virchand Nagda**
**93466 87608, 92909 52406**

**Manish Virchand Nagda**
**96180 13690, 92472 55011**

**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**

(સૌ.પ.)

શુભ　　।। અનંત ચૌવિશી જીન નમો ।।　　લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**


**૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,**

**કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫**

**સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૦૯૨૪૬૫૩૨૫૪૫**

**પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર ફોન. ૦૯૮૯૯૯૮૮૯૯૯**


દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દીઠ રૂ. ૫૦/- માત્ર.

માર્ચ ૨૦૧૩ ની રાબેતા મુજબની યાત્રાનો આયોજન શ્રી જીનેશ્વર ધામ મંદીર કાચીગુડામાં ધ્વજાનું કાર્યક્રમ હોવાથી રવિવાર તા. ૧૦ માર્ચ ૨૦૧૩ રાખેલ છે.

માર્ચ ૨૦૧૩ માં શ્રી પેદતુમ્બલમ તીર્થ યાત્રાનો કાર્યક્રમ રાખેલ છે. મંગલવાર તા. ૨૬-૩-૨૦૧૩ ના રેલ્વે દ્વારા રાતના ૧૦.૦૦ વાગે નામપલ્લી સ્ટેશનથી પ્રસ્થાન કરશું. બુધવાર તા. ૨૭-૩-૨૦૧૩ ના વહેલી સવારે આદોની પહોંચશું. આદોની થી બસ દ્વારા પેદતુમ્બાલમ મંદીરે પહોંચશું. સંપૂર્ણ દિવસ યાત્રા સ્થળે આરાધનાકરી બુધવાર તા. ૨૭-૩-૨૦૧૩ ના પાછા હૈદરાબાદ માટે રવાના થશું. તીર્થ ક્ષેત્રે ભવ્યાતી ભવ્ય ૧૦૮ પાર્શ્વ કલ્યાણક પૂજાનો આયોજન કરવામાં આવેલ છે. પૂજન વિધીકાર તથા સંગીતકાર મંડળોના સથવારે થશે. આવ અપ્રતીમ આયોજનનો  લાભ લેવા હમણા સુધી ૭૦ યાત્રીકો જોડાયા છે. જેમની રેલ્વેટિકિટો આવી ગયી છે. હજી પણ જેમને યાત્રામાં જાડાવું હોય, તો રેલ્વેની ટિકિટ બુક કરી યાત્રામાં જોડાઈ શકે છે. તમને આ આયોજનમાં સમાવી લેવામાં આવશે.

વિશેષમાં જાન્યુઆરી ૨૦૧૪ માં શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો આયોજન કરવામાં આવેલ છે. નકરો રૂ. ૮૮૮૮/- રાખેલ છે. ૧ ઓગસ્ટ ૨૦૧૩ સુધી રકમ સાથે પોતાનો નામ નોંધાવી આ યાત્રામાં જોડાઈ શકો છે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા હૈદરાબાદ તીર્થ યાત્રાઓનું રંગમચ છે. એમાં અનેક વિધ સ્વરૂપે જોડાઈને પોતાનો કિરદાર નિભાવી પુણ્યાર્જન કરવા શ્રી સંઘ હાર્દિક નિમંત્રણ આપે છે. શ્રી સંઘ સાથે યાત્રીક, દાતા, આરાધક, શુભેચ્છક એવા નાતે આપશ્રી જોડાઈ શકો છે. આવી સુંદર તકનો લાભ લેવા જરાપણ ચુકશો નહીં.

શ્રી સંઘ અંતર્ગન ધાર્મિક આરાધના સાથે અનેક સેવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જીવદયા, જરૂરીયાતમંદોને અનાજ, કપડા, શૈક્ષણીક સહાય તથા માર્ગદર્શન, તબીબી સેવા, જેનો આવશ્યક્તા મુજબ લાભ લેવા આમંત્રણ છે.

શ્રી સંઘ ના એવા ભગીરથ કાર્યને પહોંચીવળવા દાતાઓને પણ અપીલ છે. પોતાના શુભકાર્યને યાદગાર બનાવવા તથા વડિલોની સ્મૃતીમાં શ્રી સંઘને ઉદાર દિલે અનુદાન આપે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**　(જા.ખ.)


શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું મુખપત્ર
નિયાંપો
સાહિત્ય અને સભ્યતા નો સેતુ
માર્ચ ૨૦૧૩
હોલી કે દિન દીલ ખીલ જાતે હૈ...
રંગો મે રંગ મીલ જાતે હૈ...

## શાંતિ પ્રાયમરી સ્કુલ ના વાર્ષિક દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમની ઝલક




## શાંતિવન સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમ ની તસવીરો





# One stop services

**on call every time**

## for all your needs of

**FINANCIAL** | **INSURANCE**

**SAVINGS & TAX PLANNING**

### SERVICES OFFERED

- General Insurance
- Mutual Funds
- Retirement Planning
- Life Insurance
- Postal Schemes
- Tax planning

**Assuring of Services at your Doorstep**

**Face with Confidence, This is our Assurance**

For all your requirements:

**Contact: Financial Consultants**

**Madhusudan Modani: 98491 60807 Lalitha Modani: 92461 50501 / 90308 56836**

**302 Priyanka Enclave, 1-2-288/45 Gagan Mahal, Domalguda, Hyderabad 500029**

**Phone: (R) 040-2760 2297 e-mail: msmodani@gmail.com**




If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. A.P.
Phone : 2475 2383, 6594 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST

Printed & Published by **SHRI KUTCHHI MITRA MANDAL,** 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1 Edited by : **Darshana Dedhia** & **Dinesh Gosar, Ramesh Shah** Printed at **Chandraprabha Graphics,** Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 66780780, 9849988999